Vibrant GUJARAT 2017 ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૯૯ | ૯ જાન્યુઆરી, ૨૦૧૭, સોમવાર ; પોષ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# આજે ગાંધીનગર પધારતા પ્રધાનમંત્રી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ખાતે આરંભાતા ગ્લોબલ વાયબ્રન્ટ ગુજરાતમાં ભાગ લેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગાંધીનગર પધારશે. ગાંધીનગર ખાતે યોજાનાર ત્રણ સમારંભોમાં પ્રાસંગિક ઉદ્દબોધન કરશે. જ્યારે મોડી સાંજે સાયન્સ સિટી ખાતે નોબલ

## પ્રથમ ઇન્ટરનેશનલ એક્સચેંજને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગિફ્ટ સિટીમાં વિધિવત ખુલ્લુ મુકશે : ગાંધીનગર રેલવે સ્ટેશનના રિ-ડેવલપમેન્ટના પ્રોજેક્ટનો પ્રારંભ કરાવશે : સાયન્સ સિટી ખાતે નોબલ વિજેતાઓ સાથેની ગોષ્ઠિમાં ભાગ લેશે

પારિતોષિક વિજેતાઓ અને દેશના તેજસ્વી વિદ્યાર્થીઓ સાથેની ગોષ્ઠિમાં પ્રધાનમંત્રી જોડાશે. આજે પ્રધાનમંત્રી ડમી કાફલાનું રિહર્સલ પણ ગાંધીનગરમાં મોડી સાંજે યોજાયું હતું. સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર ખડે પગે રહ્યું છે.

જેની ઉત્સુકતાપૂર્વક કારોબારીઓ રાહ જોઈ રહ્યા છે તે મુંબઈ સ્ટોક એક્સચેંજના ઈન્ડિયા ઈન્ટરનેશનલ એકસચેંજનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુલ્લુ મુકનાર છે. આને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ એકસચેંજને ખુલ્લુ મુકવામાં આવનાર છે. ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં સાંજે ૫.૩૦ વાગે આને ખુલ્લુ મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. મોદી પહોંચી રહ્યા છે જેથી અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સુરક્ષાના કારણોસર અન્ય વિવિધ પગલા પણ લેવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ ગિફ્ટ સિટીમાં સતત નવી કંપનીઓ પહોંચી રહી છે જેના ભાગરુપે માળખાગત સુવિધાઓ નિર્મિત કરવાની દિશામાં તમામ પ્રયાસ થઈ રહ્યા છે. ગિફ્ટ સિટીમાં સાતથી આઠ કંપનીઓ દ્વારા ૨૫૦૦ કરોડના કરાર કરવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭માં બોમ્બે સ્ટોક એક્સચેન્જ તેના ઈન્ટરનેશનલ એક્સચેન્જ ઉપરાંત બીએસઈ ઈન્સ્ટિટ્યુટ સ્થાપવા જઈ રહી છે. બીએસઈ તેના ઈન્ટરનેશનલ એકસચેંજ અને ક્લિયરીંગ ફેસિલિટી માટે થઈને કુલ ૫૦૦ કરોડ જેટલું રોકાણ કરશે. સાથે સાથે બીએસઈ તાલીમ માટે એક ઈન્સ્ટિટ્યુટ પણ શરૂ કરશે. આ ઉપરાંત એનએસઈ પણ બીએસઈની તરાહ પર ૫૦૦ કરોડનું રોકાણ કરશે.

જ્યારે એમસીએક્સ તેના બિઝનેસ કન્ટિન્યુટી એન્ડ ડિઝાસ્ટર રીકવરી સેન્ટર માટે ૩૦ કરોડ, જ્યારે વિવિધ માળખાગત સુવિધાઓ આપતા ટાવર માટે રિયલ એસ્ટેટ કંપનીઓ પણ સમિટ દરમ્યાન કરાર કરશે. જેમાં બ્રિગેડ કંપની કલબ હોટેલ અને ટાવર બનાવવા પાછળ ૫૦૦નું રોકાણ કરશે. બેંગલોરનું પ્રેસ્ટિજ જુથ પણ ૨૦૦ કરોડ, અને અમદાવાદનું સેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૨૦૦ કરોડનું રોકાણ કરશે. ગિફ્ટ સિટી દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સર્વિસ સેન્ટર આઈએફએસસી બન્યું છે.











